Extra No. 149

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] WEDNESDAY, MARCH 18, 2026 / PHALGUNA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૨૬

વંચાણમાં લીધા: રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-મતય-૧(૪)-૦૨૨૦૨૬-ક/ ૫૧૨૧ થી ૫૧૮૦, તા.૦૩-૦૩-૨૦૨૬

ક્રમાંક: રાચઆ-જિ.તા.પં-મતય-ઉપાર્ટ-૩-૦૩૨૦૨૬-ક-૭૯૬૩ થી ૮૦૪૧:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૭, ૧૮ તથા કલમ-૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે.

સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના કરી સીમાંકન કરેલ છે, જેના છેલ્લા સિમાંકન પ્રમાણેના જ મતદાર મંડળોની હદ મુજબ મતદારયાદી તૈયાર કરવાની થાય છે. ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ ફોટોવાળી મતદારયાદી ઉપરથી રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની મતદારયાદી તૈયાર કરવા અંગે સંબંધિત મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓને વંચાણવાળા પત્રથી નમૂના-૨ તૈયાર કરવા વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. જેના અનુસંધાને જિલ્લા / તાલુકા પંચાયતોના તમામ મતદાર મંડળોની અદ્યતન સ્થિતિએ મતદારયાદીઓ તૈયાર કરી, પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કરે છે.

અ.નં	વિગત	તારીખ
૧	ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ ફોટોવાળી મતદારયાદી પરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરી પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ	૨૩/૦૩/૨૦૨૬
૨	ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૩(ક) તથા ૩ (ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ	૨૭/૦૩/૨૦૨૬
૩	રજૂ થયેલા દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ	૩૦/૦૩/૨૦૨૬

ઉપર્યુક્ત કાર્યક્રમમાં નિયમ-૩(ક) તથા નિયમ-૩(ખ) હેઠળ રજૂ થયેલ દાવાઓ અંગે તા.૩૦/૦૩/૨૦૨૬ સુધીમાં નિર્ણય કર્યા બાદ, મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હવે પછી નક્કી કરી જણાવવામાં આવશે.

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૦૩-૦૫-૧૯૯૫ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકાશે તથા તે માટે પુરવણી મતદારયાદી નંબર-૧ નમૂના નંબર ૫(૧) માં તૈયાર કરવાની રહેશે.

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ફોટોવાળી મતદારયાદી તૈયાર કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે 'ગુજરાત ઈન્ફોટેક લીમિટેડ, અમદાવાદ' ને એજન્સી તરીકે નક્કી કરેલ છે. જિલ્લા / તાલુકા પંચાયતો માટે મતદાર મંડળોના વિભાગવાર ફોટોવાળી મતદારયાદી તૈયાર કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીઓએ નિયત સમયમર્યાદામાં કાયદા-નિયમોનુસાર જરૂરી સુધારા - વધારા કરી, ત્યારબાદ ચકાસણી કરી એજન્સી (ગુજરાત ઈન્ફોટેક લીમિટેડ, અમદાવાદ) પાસેથી મતદારયાદીની સોફ્ટ કોપી (PDF) મેળવી લેવી તથા મતદારયાદીની પ્રસિદ્ધ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,
સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.02 20:53:25 IST